# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

### પ્રાથમિક કસોટીની તારીખ નિયત કરવા/ફેરફાર કરવા અંગે.

આયોગની અગાઉ પ્રસિદ્ધ થયેલ જા.ક્ર. : ૦૩/૨૦૨૬–૨૭(મદદનીશ વન સંરક્ષક, વર્ગ–૨ અને પરિક્ષેત્ર વન અધિકારી, વર્ગ–૨) અને જા.ક્ર. : ૦૪/૨૦૨૬–૨૭(હિસાબી અધિકારી, વર્ગ–૧)ની પ્રાથમિક કસોટીનું પ્રશ્નપત્ર–૨ મૂળ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ તા.૨૭–૦૬–૨૦૨૬ના રોજ નિયત થયેલ છે.

આયોગની નવી પ્રસિદ્ધ થયેલ જા.ક્ર. : ૦૬/૨૦૨૬–૨૭ :: હિસાબી અધિકારી, વર્ગ–૨ની પ્રાથમિક કસોટીનું પ્રશ્નપત્ર–૨ પણ ઉક્ત જાહેરાતોની સાથે સંયુક્ત રીતે યોજવાના હેતુસર પ્રસ્તુત **કુલ–૩ જાહેરાતોની પ્રાથમિક કસોટીના પ્રશ્નપત્ર–૨ની નવી તારીખ નીચે મુજબ નિયત કરવામાં આવે છે.**

| ક્રમ | જાહેરાત ક્રમાંક | સંવર્ગ/જગાનું નામ અને વર્ગ | પ્રાથમિક કસોટીના પ્રશ્નપત્ર–૨ની નવી તારીખ અને સમય |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૦૩/૨૦૨૬–૨૭ | મદદનીશ વન સંરક્ષક, વર્ગ–૨ અને પરિક્ષેત્ર વન અધિકારી, વર્ગ–૨ | **તા.૨૮–૦૬–૨૦૨૬ સમય : ૧૧:૦૦ થી ૦૨:૦૦** |
| ૨ | ૦૪/૨૦૨૬–૨૭ | હિસાબી અધિકારી, વર્ગ–૧ | |
| ૩ | ૦૬/૨૦૨૬–૨૭ | હિસાબી અધિકારી, વર્ગ–૨ | |

- ઉક્ત કુલ–૩ જાહેરાતો અને જા.ક્ર. : ૦૫/૨૦૨૬–૨૭(Gujarat Administrative Service, Class-1, Gujarat Civil Services, Class-1 & Class-2 & Gujarat Municipal Chief Officer Service, Class-2) એમ કુલ–૪ જાહેરાતોની પ્રાથમિક **કસોટીનું પ્રશ્નપત્ર–૧ મૂળ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ તા.૦૭–૦૬–૨૦૨૬(સમય : ૧૧ : ૦૦ થી ૦૨:૦૦)ના રોજ યોજવામાં આવશે.**

- ઉક્ત કુલ–૪ જાહેરાતો(જા.ક્ર. : ૩,૪,૫ અને ૬/૨૦૨૬–૨૭) પૈકી એકથી વધુ જાહેરાતોમાં ઉમેદવારી નોંધાવેલ હોય તેવા કોમન ઉમેદવારોએ કોઈ એક જાહેરાતના સામાન્ય અભ્યાસ(પ્રશ્નપત્ર–૧)માં મેળવેલ ગુણ અન્ય જાહેરાતોના સામાન્ય અભ્યાસ(પ્રશ્નપત્ર–૧) માટે પણ ધ્યાને લેવામાં આવશે. વધુમાં આ માટે બાંહેધરીનો નમૂનો જરૂર જણાયે વખતોવખત આયોગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

- જા.ક્ર. : ૪ અને ૬/૨૦૨૬–૨૭ પૈકી એકથી વધુ જાહેરાતોમાં ઉમેદવારી નોંધાવેલ હોય તેવા કોમન ઉમેદવારોએ કોઈ એક જાહેરાતના સંબંધિત વિષય(પ્રશ્નપત્ર–૨)માં મેળવેલ ગુણ અન્ય જાહેરાતના સંબંધિત

વિષય(પ્રશ્નપત્ર–૨) માટે પણ ધ્યાને લેવામાં આવશે. વધુમાં આ માટે બાંહેધરીનો નમૂનો જરૂર જણાયે વખતોવખત આયોગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

- ઉક્ત કુલ–૪ જાહેરાતો(જા.ક્ર. : ૩,૪,૫,૬/૨૦૨૬–૨૭) પૈકી એકથી વધુ જાહેરાતોમાં ઉમેદવારી નોંધાવેલ હોય તેવા કોમન ઉમેદવારોએ જે જાહેરાતોમાં આયોગ દ્વારા Consent Deposit લેવા અંગે નિર્ણય કરવામાં આવે તે જાહેરાતો અન્વયે Consent Deposit ભરેલ નહી હોય તો તેવા ઉમેદવારોને જે તે જાહેરાતો માટે સામાન્ય અભ્યાસ / સંબંધિત વિષયના પરીક્ષાના ગુણ આયોગ દ્વારા ધ્યાને લેવામાં આવશે નહી.
- **ઉપર મુજબની તમામ સૂચનાઓની સંબંધિત તમામ ઉમેદવારોએ નોંધ લેવી.**

**સહી/–**

નાયબ સચિવ

ગુજરાત જાહેર સેવા આયોગ

ગાંધીનગર

**તા.૦૭–૦૪–૨૦૨૬**